રાજ્યના નાગરિકને સસ્તો, સરળ, ઘરઆંગણે ન્યાય મળી રહે તે માટે હાલની સરકાર કટીબધ્ધ છે. આ સરકાર રાજ્યમાં સુસાશન જાળવવાની નીતિ અનુસરીને ન્યાયપાલિકાને વધુ મજબૂત બનાવવા માટેની પ્રતિબધ્ધત્તાથી કામગીરી કરી રહેલ છે.

વિશ્વના વિકસિત દેશોના ફલક પર સમાંતર રીતે આપણા દેશને સ્થાપિત કરવાના પ્રયાસોમાં ગુજરાત રાજ્યનો ફાળો નાનોસૂનો નથી.

**ગુજરાત રાજ્ય દેશની વિકાસ યાત્રાની પારાશીશી તરીકે ખ્યાતનામ છે** અને તેથી જ ગુજરાત રાજ્યને ગતિશીલ ગુજરાતના નામથી સમગ્ર વિશ્વમાં આગવી ઓળખ મળેલ છે.

આ માટે ન્યાયિક પ્રક્રિયા પણ સરળ થાય અને આર્થિક વિવાદોનું ઝડપી નિરાકરણ આવે તે હેતુથી **રાજ્ય સરકારે છેલ્લા પાંચ વર્ષોમાં જે રીતે વિવિધ કાયદાઓ હેઠળ ગુજરાતના લગભગ તમામ તાલુકાઓમાં અને પ્રત્યેક જિલ્લે કોર્ટોની સ્થાપના કરેલી છે** અને તેનાથી રોકાણકારો કે ઔદ્યોગિક સાહસિકોને પણ ઔદ્યોગિક મામલે થતી તકરારોનો સાહજિક નિકાલ મળી રહે તેવું વાતાવરણ ઉભું થયેલ છે અને તેથી કહી શકાય કે **ઇઝ ઓફ જસ્ટીસ' થી 'ઇઝ ઓફ ડુઇંગ બીઝનેશ'** વધ્યો છે.

હાલની આ ભાજપની સરકારપ્રજાને **ઘરઆંગણે, સસ્તો, સરળ અને ત્વરિત** ન્યાય આપવા માટે પ્રતિબધ્ધ રહેલી છે અને એટલા માટે જ હાલની સરકારે નામ. ગુજ. હાઇકોર્ટ દ્વારા મોકલવામાં આવતી લગભગ તમામ દરખાસ્તોને મૂળ સ્વરૂપે સ્વીકારવા આનુષાંગિક પગલા ભરેલ છે.

## નામ. વડી અદાલતની કામગીરી

માન. અધ્યક્ષશ્રી,

આપ જાણો છો કે ન્યાયિક અદાલતમાં ચાલતા કેસોની ન્યાયિક કાર્યવાહી ચલાવવા માટે એકમાત્ર ન્યાયયાધીશ નહિ, પરંતુ પક્ષકારો, અધિવક્તાઓ, પોલીસતંત્ર વિગેરે તમામનો સમાવેશ થાય છે, અને આ તમામને આધુનિક ટેકનોલોજીની મદદથી તેઓની સાથે સંકલન સાધીને સર્વોત્તમ કામગીરીનું ઉદાહરણ પૂરૂ પાડેલ છે.તે રાજ્ય માટે એક ગૌરવની વાત છે.

## અદાલતોનું કમ્પ્યુટરાઇઝેશન અને ડીજીટલાઇઝેશન અને તેના ફાયદા

માન. અધ્યક્ષશ્રી,

ડિજિટલ ઇન્ડિયાના જનક અને પ્રેરક, એવા આપણા વિઝનરી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા ડીજિટલ ઇન્ડિયાનો જે એજેન્ડા છે, તેના ભાગરૂપે કોર્ટોનુ પણ રેકર્ડ ડિઝિટલાઇઝ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા નામ.વડી અદાલતની દરખાસ્ત મુજબ જરૂરી ફંડની જોગવાઇ બજેટમાં કરેલ છે.

આ ડીઝિટલાઇઝેશન થવાના કારણે નામ. વડી અદાલત દ્વારા ૨૪/૦૩/૨૦૨૦થી વિડિઓ કોન્ફરન્સિંગના માધ્યમથી કેસોની સુનાવણી શરૂ કરેલ અને નામ. વડી અદાલતમાં કેસોની ઇ-ફાઇલીંગની સુવિધા પણ પૂરી પાડવામાં આવેલ.

## ઇ-કોર્ટ ફી :-

નામ.કોર્ટમાં ભરવાપાત્ર કોર્ટ ફી પહેલા રૂબરૂ જઇને લેવી પડતી હતી. જ્યારે આ સરકાર દ્વારા જ્યુડીશીયલ સ્ટેમ્પ ફી ઓનલાઇન મળી રહે તે માટે ઇ-કોર્ટ ફીની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે. જેથી પક્ષકારો,વકીલો જ્યુડીશીયલ સ્ટેમ્પ નેટબેન્કીગ,યુપીઆઇ,ડેબીટ કાર્ડ,ક્રેડીટ કાર્ડ વગેરે માધ્યમથી કોર્ટ ફી ઘરે બેઠા જ ખરીદી કરી શકશે

## Email My Case Status

માન. અધ્યક્ષશ્રી,

નામ. વડીઅદાલત દ્વારા “Email My Case Status” (ઇ-મેઇલ માય કેસ સ્ટેટસ) ની નિશૂલ્ક: સેવા શરૂ કરવામાં આવેલ છે. જે એક રીતે વર્ચુઅલ ઇન્કવાયરી કાઉન્ટર કે ઇ-કાઉન્ટર તરીકે સેવા પુરી પાડે છે. જેમાં કોઇ પણ વ્યક્તિ કે સંસ્થા પોતાના કેસોની હાલના સમયગાળાની માહિતની  સાથે તેઓના કેસની ભવિષ્યની માહિતી પણ ઇ-મેઇલ દ્વારા મેળવી શકશે / ઉપલબ્ધ થઇ શકશે. આ સુવિધા નામ. વડીઅદાલત, જિલ્લા અદાલતો, તાલુકા અદાલતો, મજૂર અદાલતો અને ઔધોગિક અદાલતો દ્વારા પણ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેથી પક્ષકારો અને વકીલો કેસોની લીસ્ટીંગની તારીખ, હુકમ કે

ચુકાદાની પી.ડી.એફ. નકલ તેઓના ઇ-મેઇલ પર નિ:શૂલ્ક ઘેર બેઠા સરળતાથી પ્રાપ્ત કરી શકશે.

માન. અધ્યક્ષશ્રી,

ગાંધી જયંતી નિમિત્તે નામ. વડીઅદાલત દ્વારા ગુજરાત રાજ્યની જનતાને સામાજીક રીતે સ્પર્શતા મુદ્દાઓના ચુકાદાઓ માતૃભાષામાં ઉપલબ્ધ થાય તે હેતુસર ગુજરાતીમાં અનુવાદીત ચુકાદા દરેક કાર્યકારી દિવસ દિઠ એક ચુકાદો નામ. વડીઅદાલતની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવે છે.

## "યુ ટ્યુબ" પર જીવંત પ્રસારણ

માન. અધ્યક્ષશ્રી,

વધુમાં, વિડિઓ કોન્ફરન્સીંગથી ચાલતી વર્ચુઅલ અદાલતની કાર્યવાહી માટે ખુલ્લી અદાલતના સિદ્ધાંતના અમલીકરણ ને અસરકારક તેમજ વિસ્તૃત કરવાના હેતુથી માન. ચીફ જસ્ટીસ, ગુજરાત હાઇકોર્ટની કોર્ટ કાર્યવાહીનું "યુ ટ્યુબ" પર જીવંત પ્રસારણ ગુજરાત હાઇકોર્ટ દ્વારા ચાલુ કરવામાં આવેલ છે. તેજ રીતે ગુજરાતના તમામ જિલ્લાઓના મુખ્ય જિલ્લા ન્યાયાધીશા શ્રીઓની અદાલતોનું પણ જીવંત પ્રસારણ શરૂ કરવામાં આવેલ છે હું આનંદની લાગણી સાથે જણાવવા માંગુ છું કે, દેશમાં કોર્ટની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરનાર પ્રથમ વડી અદાલત ગુજરાત રાજ્યની છે. તેજ રીતે જિલ્લા કક્ષાએ પણ અદાલતોની કાર્યવાહીનું જિવંત પ્રસારણ કરવામાં ગુજરાત રાજ્ય પ્રથમ નંબરે છે જે આપણા સર્વે માટે ગૌરવ લેવા જેવી વાત છે.

વધુમાં હવે પછીના તબક્કાવાર અન્ય એડિ. ડિસ્ટ્રીક્ટ જજ સાહેબોની અદાલતોનું જીવંત પ્રસારણ પણ શરૂ કરવાનું આયોજન છે.

માન. અધ્યક્ષશ્રી,

વધુમાં નામ. વડીઅદાલતની દરેક કોર્ટના બોર્ડનું જીવંત પ્રસારણ પણ “યુ ટ્યુબ” પર કરવામાં આવે છે. આ સુવિધાના કારણે દરેક પક્ષકાર તેમજ સામાન્ય નાગરિકને નામ. હાઇકોર્ટની કઈ કોર્ટમાં કયા નંબરનો કેસ ચાલી રહ્યો છે તેની માહિતી મળી શકે છે તેમજ તે પક્ષકારને પોતાના કેસોનું સ્ટેટસ જાણી શકે છે આ ઉપરાંત ‘યુ ટ્યુબ’ ઉપરથી પોતાના કેસનો નંબર કયો છે અને હાલ કયા કેસ નંબરની સુનાવણી થઈ રહી છે તે ખુબજ સરળતાથી જોઇ શકાય છે.

<u>જેના કારણે</u>

૧) પ્રજાનો ન્યાય પ્રણાલી ઉપરનો વિશ્વાસ મજબૂત થશે.

૨) ન્યાયિક કર્યવાહીની પારદર્શીતા જળવાશે

૩) ન્યાયિક પ્રક્રિયામાં પ્રત્યક્ષ રીતે હાજર નહિ રહી શકતા પક્ષકારોને પણ પોતાના વકીલોની નામ. કોર્ટ સમક્ષની રજૂઆતથી સંપૂર્ણ માહિતગાર રહેશે.

૪) પક્ષકારોના નાણા, સમય અને શક્તિનો બચાવ થશે.

આ ઉપરાંત,

(૧) **કોમર્શીયલ કોર્ટના ઓર્ડરો ઓનલાઇન ડીઝીટલ સાઇન** સાથે મુકવામાં આવે છે. જેથી કરીને હુકમોની પ્રમાણિત નકલો ઓનલાઇન મેળવી શકે છે.

(૨) રાજ્યની **૨૫ જિલ્લા અદાલત ખાતે સ્ટુડિયોબેઝ વિડિયો કોન્ફરંન્સની** સુવિધા ચાલુ છે અને અન્ય ૦૭ જિલ્લામાં પણ આ સુવિધા વધારવાની પ્રક્રિયા હાલમાં ગતિમાં છે.

(૩) તે જ રીતે **રાજ્યની ૨૩ જેલોમાં પણ ઇ-કોર્ટ મિશન મોડના માધ્યમ દ્વારા આરોપીઓની હાજરી** નામ. અદાલતો દ્વારા નોંધી શકાય તે માટે આધુનિક સુવિધા યુક્ત સ્પીકર અને માઇકની સાથે કેમેરા પુરા પાડેલ છે.

જેના કારણે,

પક્ષકારોનો કોર્ટોમાં અવરજવરનો ખર્ચ બચે છે.

સમયનો બચાવ થાય છે

કેદી પાર્ટીને લઈને કોર્ટોમાં લાવવા લઈ જવા માટેનો સરકારના ખર્ચમાં બ બચત થાય છે.

કેદીઓની સુરક્ષા જળવાઇ રહે છે.